નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળ ૧૦૮ તાલુકાઓમાં યોજનાકીય કામગીરી કરવા માટે સમાજ કલ્યાણ નિરીક્ષક (વિ.જા.) ની ૧૦૮ નવી જગ્યાઓ ઉભી કરવા બાબત.

નવી બાબત: વર્ષ:-૨૦૨૩-૨૪, રકમ રૂ.૩૭૨.૩૨ લાખ

ગુજરાત સરકાર,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2023/0259/A,

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધા:</u>

(૧) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૬/૦૪/૨૦૨૩ નો પત્ર ક્રમાંક :-
DDCW/MKM/e-file/225/2022/0084/Administrative

**આમુખ:**

વંચાણે લીધા (૧) હેઠળના તા.૦૬/૦૪/૨૦૨૩ ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તક રાજ્યના કુલ ૨૪૯ તાલુકાઓ પૈકી ૧૦૮ તાલુકાઓમાં યોજનાકીય કામગીરી કરવા માટે સમાજ કલ્યાણ નિરીક્ષક(વિ.જા.) ની ૧૦૮ નવી જગ્યાઓ ઉભી કરવા અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળ રાજ્યના ૧૦૮ તાલુકાઓમાં તાલુકા કક્ષાની યોજનાકીય તેમજ ક્ષેત્રીય કામગીરીને પહોંચી વળવા માટે સમાજ કલ્યાણ નિરીક્ષક(વિ.જા.) વર્ગ-૩ સંવર્ગની ૧૦૮ જગ્યાઓ ( સાતમા પગાર પંચ મુજબના પે મેટ્રીક્સ લેવલ નં-૬ પગાર ધોરણ ૩૫૪૦૦-૧૧૨૪૦૦; રૂ.૩૧,૩૪૦/- માસિક ફીક્સ પગાર) ઉભી કરવા અંગેની રૂ.૩૭૨.૩૨ લાખની વર્ષ ૨૦૨૩-૨૪ની નવી બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:-**

**ભરતી અંગેની સામાન્ય શરતો:**

1. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
2. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

3. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
4. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
5. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
6. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

**<u>પગાર અને નવી વર્ધીત પેન્શન યોજના:</u>**

1. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.
2. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
3. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

**<u>જગ્યાઓની મુદત અને સેવાઓ અગેની શરતો:</u>**

1. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ વિભાગ મારફતે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્ધત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
2. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

**<u>નાણાકિય ઔચિત્યની શરતો:</u>**

1. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
2. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
3. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
4. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
5. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
6. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર-૯૨, સેકટર-ખ-સામાજિક સેવાઓ, સબ સેકટર-ગ- અનુ.જાતિ/જનજાતિઓ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્યસદર-૨૨૨૫ અનુ.જાતિ/અનુ. આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણસદર- ૦૦૧-નિર્દેશ અને વહીવટ, પેટાસદર- (૦૩) ઓ.બી.સી-૧૮ તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું હેઠળ ચાલુ નાણાંકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૦/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Chiragkumar Rasikbhai Patel
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 19-May-2023 (04:16 PM)

(ચિરાગ પટેલ)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**<u>નકલ રવાના (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે) :</u>**

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ-2023.